ગાંધીનગર સમાચાર

# સુરક્ષા વચ્ચે મોદી આજે લડાખમાં

## બે હાઈડ્રો પાવર પ્રોજેક્ટોનું ઉદ્દ્‌ઘાટન તેમજ ૩૩૦ કિલોમીટર લાંબી લેહ-શ્રીનગર ટ્રાન્સમિશન લાઈનની આધારશીલા મુકશે

ઉધમપુર,તા. ૧૧

જમ્મુ કાશ્મીરમાં કારગીલ અને લડાખની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મંગળવારની યાત્રાને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. નરેન્દ્ર મોદી તેમની યાત્રા દરમિયાન ૩૩૦ કિલોમીટર લાંબી લેહ-શ્રીનગર ટ્રાન્સમિશન લાઈનની આધારશીલા મુકશે. આ ઉપરાંત લડાખ પ્રદેશમાં બે હાઈડ્રો પાવર પ્રોજેક્ટની એક દિવસની યાત્રા દરમિયાન ઉદ્દ્‌ઘાટન કરશે. નરેન્દ્ર મોદીની આ પ્રદેશની આ પ્રથમ મુલાકાત છે જે વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ જમ્મુ કાશ્મીરની તેમની મુલાકાત છે. કારગીલમાં હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવર પ્રોજેક્ટનું ઉદઘાટન કરવામાં આવશે. આ ઉપરાંત લેહમાં નિમુ બજગો પ્રોજેક્ટનું ઉદ્દ્‌ઘાટન કરવામાં આવશે. શ્રીનગર-લેહ ટ્રાન્સમિશન લાઈનની જાહેરાત આર્થિક પેકેજના ભાગરૂપે જમ્મુ-કાશ્મીરની તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન ઓગસ્ટ ૨૦૦૩માં તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કરી હતી. ટ્રાન્સમિશન લાઈનનો પ્રાથમિક અંદાજીત ખર્ચ ૩૦૦ કરોડ રૂપિયા હતો. પરંતુ હવે પ્રોજેક્ટો ચલાવવાના વધી ગયેલા ખર્ચના પરિણામ સ્વરૂપે આ ખર્ચ ૧૭૦૦ કરોડ રૂપિયા થશે જ્યારે કારગીલ જિલ્લામાં પ્રોજેક્ટ પણ મહત્વપૂર્ણ છે. આ પ્રોજેક્ટની ક્ષમતા ૪૫ મેગાવોટની રહેશે. વડાપ્રધાનની યાત્રાને લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સમગ્ર જમ્મુ કાશ્મીર લશ્કરી છાવણીમાં ફેરવી જતા કેટલાક નિયત્રણો લાદી દેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ટુંક સમયમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. જેથી મોદીની યાત્રાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. તેઓ જાહેર સભા કરે તેવી શક્યતા છે. સેનાના વડા આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સ્વાગત કરશે. દેશના વડાપ્રધાન બન્યા બાદ મોદીની જમ્મુ કાશ્મીરની આ બીજી યાત્રા રહેશે. તેમની પ્રથમ યાત્રા દરમિયાન મોદીએ ઉધમપુર-કટરા રેલવે લાઈનઅને ઉરી-૨ હાઈડ્રો ઈલેકટ્રિક પ્રોજેકટના ઉદ્દ્‌ઘાટન કર્યા હતા. આ તમામ ત્રણેય પાવર પ્રોજેક્ટ લડાખ પ્રદેશ માટે ખુબ ઉપયોગી છે. શ્રીનગર-લેહ ટ્રાન્સમિશન લાઈન પ્રદેશમાં વીઝળીની કટોકટીને ઉકેલવામાં ઉપયોગી રહેશે. સાથે સાથે નોર્થન ગ્રીડને લડાખ સાથે જોડશે. જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારીમાં તમામ રાજકીય પક્ષો વ્યસ્ત બની ગયા છે. જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા પણ તૈયારીમાં લાગેલા છે. કોંગ્રેસ અને ભાજપે પણ તૈયારી હાથ ધરી છે. લોકસભાની ચૂંટણી બાદ અહીં યોજાનારી ચૂંટણીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.



# લાલૂ અને નીતિશ ૨૩ વર્ષ બાદ એક મંચ પર

પટણા,તા. ૧૧

આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવ અને જેડીયુના વડા નીતિશકુમારે બિહારમાં ૧૦ વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી માટે સંયુક્ત રીતે ચૂંટણી પ્રચારમાં કુદી પડીને ભાજપ સામે પડકાર ફેંકવાની તૈયારી કરી લીધી છે. ઉપર આવ્યા છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીનો જાદુ ચારેબાજુ છવાઈ ગયો હતો અને બિહારમાં પણ લાલૂ અને નીતિશકુમારનો સફાયો થયો હતો. હવે અસ્તિત્વના ખતરા વચ્ચે લાલૂ અને નીતિશકુમાર એક મંચ ઉપર આવ્યા છે. બિહારમાં ૨૧મી



આશરે ૨૩ વર્ષના લાંબાગાળા બાદ બે ભૂતપૂર્વ મુખ્યમંત્રી એક મંચ ઉપર દેખાયા હતા. આની સાથે જ બિહારના રાજકારણમાં નવા તબક્કાની શરૂઆત થઈ ચુકી છે. નરેન્દ્ર મોદીની દહેશતના લીધે લાલૂ યાદવ અને નીતિશકુમાર એક મચ ઓગસ્ટના દિવસે પેટાચૂંટણી યોજાનાર છે. લાલૂ યાદવે નીતિશકુમાર સાથે હાઝીપુરમાં ચૂંટણી સભાને સંબોધી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કર્યા હતા. બંને નેતાઓએ રામ વિલાસ પાસવાનની પણ ટિકા કરી હતી અને કહ્યું હતું કે, પાસવાન તકવાદી છે. લાલૂએ આશા વ્યક્ત કરી હતી કે, મુલાયમસિંહ યાદવ અને માયાવતી પણ ભાજપને હરાવવા ઉત્તરપ્રદેશમાં હાથ મિલાવશે. ૧૯૯૪માં લાલૂ સાથે અલગ પડી ગયેલા નીતિશકુમારે મોડેથી ભાજપ સાથે જોડાણ કર્યું હતું. ભાજપ સાથે જોડાણમાં બિહારમાં લાલૂ યાદવને હાર આપવામાં આવી હતી. નીતિશે કહ્યું હતું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર જાણે છે કે, આપવામાં આવેલા વચનો પુરા કરી શકાશે નહીં. સત્તા કબજે કરવા માટે ધાર્મિક તંગદિલી ફેલાવવામાં આવશે. તેઓ સરકાર ચલાવી શકે છે દેશ ચલાવી શકશે નહીં. અચ્છે દિનની વાત કરતા નીતિશે કહ્યું હતું કે, આવા દિવસો ક્યારે આવશે નહીં. ભાજપમાં કેટલાક લોકો માટે ચોક્કસપણે આવા દિવસો આવે છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીની પસંદગી બાદ વિરોધ કરીને ગયા વર્ષે ભાજપ સાથે નીતિશકુમારે છેડો ફાડ્યો હતો. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ જનતાદળ યુનાઈટેડનો સફાયો થતાં મુખ્યમંત્રી તરીકે પણ નીતિશે રાજીનામુ આપ્યું હતું. લાલૂએ કહ્યું હતું કે, મોંઘવારી અને ભ્રષ્ટાચાર દૂર કરવાની બાબત ખુલ્લી પડી ગઈ છે. ભાજપ ગણેશ ભગવાનને દૂધ પીવડાવનાર પાર્ટી તરીકે છે. સમગ્ર દેશનું બજેટ ખતમ કરી દેવામાં આવશે તો પણ શાંઘાઈ બની શકશે નહીં. બુલેટ ટ્રેનનું સ્વપ્ન પુરુ થશે નહીં. મોદી આવતાની સાથે જ દેશ માટે ખરાબ દિવસોની શરૂઆત થઈ છે. નીતિશ નાના ભાઈ તરીકે હોવાની લાલૂએ વાત કરી હતી.

## લાલૂ અને નીતિશ ટૂંકમાં એક બીજા માટે જ ખતરારૂપ બનશે : ભાજપ

પટણા,તા. ૧૧

લાલૂ યાદવ અને નીતિશકુમાર એક મંચ ઉપર આવ્યા બાદ આ અંગે ભાજપે પ્રતિક્રિયા કરતા કહ્યું છે કે, તેમની યોજના ક્યારેય સફળ થશે નહીં. લાલૂ અને નીતિશ ટૂંકમાં જ એક બીજા માટે ખુબ જ ખતરનાક અને પડકારરુપ બની જશે. ભાજપ સામે કોઈ ખતરો નથી. ભાજપના નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, ભાજપને કોઈ ખતરો દેખાઈ રહ્યો નથી. બીજી બાજુ રામ વિલાસ પાસવાનના પુત્ર ચિરાગ પાસવાને કહ્યું હતું કે, બે પક્ષો એક સાથે આવવાથી સાબિત થાય છે કે, તેઓ ભાજપ અને એલજેપીની વધતી તાકાતથી ઘભરાઈ ગયા છે. આ બંને નેતાઓ મોહીઉદ્દીનનગર માર્ગ મારફતે પહોંચ્યા હતા. આગામી દિવસોમાં આ બંને નેતાઓ નરકટિયાગંજ, છપરા અને મોહાનિયામાં પણ સંયુક્તરીતે ત્રણ વધુ જાહેર સભા કરનાર છે. પેટાચૂંટણીમાં ભાજપને હાર આપવા માટે ગઠબંધનની રચના કરવામાં આવી છે. ૧૯૯૧માં પ્રથમ વખત લાલૂ યાદવ અને નીતિશકુમાર ચૂંટણી પ્રચારમાં એક સાથે દેખાયા હતા. નીતિશકુમાર તે વખતે બર બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. ૩૦મી જુલાઈના દિવસે આ ગઠબંધનની જાહેરાત થઈ હતી. અન્ય બિન સાંપ્રદાયિક પક્ષોને પણ એક મંચ ઉપર લાવવામાં આવશે. જેડીયુ અને આરજેડી ૧૯૯૪માં એક બીજાથી અલગ થયા હતા. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો. શાનદાર જીત મેળવી હતી. આની સાથે જ જેડીયુ અને આરજેડીના ભારે ખળભળાટ મચી ગયો હતો. બિહારમાં આગામી દિવસોમાં રાજકીય ગરમી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બિહારમાં યોજાનારી પેટાચૂંટણી નરેન્દ્ર મોદી સરકાર માટે પણ પડકારરુપ બની શકે છે. કારણ કે કેન્દ્રમાં સત્તા પર આવ્યા બાદ પ્રથમ ચૂંટણી હશે.

# દિલ્હીમાં એટીએમ પર વિજળી કરંટથી મોત થયું


નવી દિલ્હી,તા. ૧૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એટીએમ ખાતે વિજળીના કરંટથી એકનું મોત થતાં ભારે સનસનાટી મચી ગઈ છે. છેલ્લા ૧૦ દિવસના ગાળાની અંદર જ આ બીજો બનાવ બન્યો છે. ઉત્તર દિલ્હીમાં બુરારી ખાતે આ બનાવ બન્યો હતો. આ વ્યક્તિ બેંક માટે એટીએમમાં રોકડ જમા કરવા પહોંચ્યો હતો. લોખંડના શટરને તે ઉઠાવી રહ્યો હતો ત્યારે જ વિજળીના કરન્ટથી તેનું મોત થયું હતું. આ વ્યક્તિની ઓળખ અંગે વધુ વિગત જાહેર કરાઈ નથી. પરંતુ સુત્રોએ કહ્યું છે કે, તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. બીજી ઓગસ્ટના દિવસે પણ ૩૫ વર્ષીય એક વ્યક્તિનું અર્ધશહેરી ઉત્તર પશ્ચિમ દિલ્હી ગામમાં સ્થાપિત કરાયેલા એક એટીએમ મશીન ખાતે વિજળીના કરન્ટથી મોત થયું હતું.

# ટાઈગરનો અજય દેવગન સાથે રોલનો સાફ ઈન્કાર

મુંબઈ,તા. ૧૧

હિરોપતિ મારફત બોલિવુડમાં શાનદાર શરૂઆત કરનાર અભિનેતા ટાઈગર શ્રોફે અજય દેવગનની સાથે ફિલ્મ કરવાનો ઈન્કાર કરીને તમામને ચોંકાવી દીધા છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા જેકી શ્રોફના પુત્ર ટાઈગર શ્રોફને અજય સાથે ફિલ્મ કરવાની ઓફર કરવામાં આવી હતી. જો કે તે હવે ઈન્કાર કરી ચુકયો છે. હિરોપંતિ ફિલ્મને બોક્સ ઓફિસ પર શાનદાર સફળતા મળ્યા બાદ તેની પાસે અનેક ફિલ્મોની ઓફર આવી રહી છે. અહેવાલ મુજબ ૨૪ વર્ષીય ટાઈગર શ્રોફે અજય દેવગનની સાથે ફિલ્મ કરવાનો ઈન્કાર કરવા પાછળ કોઈ કારણ આપ્યા નથી. જો કે અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તે બે હિરોના



પ્રોજેક્ટને લઈને ખુશ નથી. તે લીડ રોલ સાથે ફિલ્મો કરવા માંગે છે. અજય દેવગનની સાથે ફિલ્મમા મોટી ભૂમિકા મળશે નહી તેવી દહેશતના કારણે તે ફિલ્મમાં ।કામ કરવાનો ઈન્કાર કરી ચુક્યો છે. આ ફિલ્મનુ નિર્દેશન રેમો ડિસોઝા કરનાર છે. જ્યારે નિર્માતા સાજિદ નડિયાદવાળા રહેશે. કેટલાક અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે તારીખની સમસ્યા ટાઈગરને નડી રહી છે. આટલા મોટા સ્ટાર સાથે ।કામ કરવાની બાબત કોઈ નવા સ્ટાર માટે કુબ સારી રહી શકે છે. ટાઈગર શ્રોફની હિરોપંતિ ફિલ્મને બોક્સ ઓફિસ પર શાનદાર સફળતા મળી હતી.

# અલ કાયદાના આતંકવાદીઓ ઈસ્લામિક સ્ટેટમાં જોડાયા છે

વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકા સહિતના દેશોમાં અનેક હુમલા કરીને વિશ્વમાં ખળભળાટ મચાવી દેનાર ત્રાસવાદી સંગઠન અલ કાયદાના મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ હવે ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થઈ રહ્યા છે. એક નવા અમેરિકી અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. વોશિંગ્ટન પોસ્ટે પોતાના અહેવાલમાં એક અમેરિકી અધિકારીને ટાંકીને કહ્યું છે કે અલ કાયદા સાથે જોડાયેલા અનેક નાના મોટા ત્રાસવાદી સંગઠન હવે ઈસ્લામિક સંગઠન સાથે જોડાઈ રહ્યા છે. એક ગુપ્ત સુચનાના આધારે અધિકારીએ આ માહિતી આપી છે. જો ઈરાકમાં ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટની આગેકુચ જારી રહેશે તો સમસ્યા ગંભીર બની શકે છે. તેમા વધુ કેટલાક સંગઠન સામેલ થઈ શકે છે. જે તેને વધારે મજબુત બનાવશે. અમેરિકી અધિકારીએ કહ્યું છે કે અલ કાયદા છોડીને ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાનો સિલસિલો છેલ્લા કેટલાક સપ્તાહમાં વધ્યો છે. અલ કાયદા ઉપરાંત લિબિયા અને અન્ય જગ્યાના બળવાખોરો પણ તેમાં સામેલ થઈ રહ્યા છે. ગયા મહિનામાં જ પાકિસ્તાનના તહેરીકે ખિલાફત સંગઠન અલ કાયદા સાથે છેડો ફાડીને ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થઈ જતા મોટો ઘટનાક્રમ જોવા મળ્યો હતો. દક્ષિણ એશિયામાં આ ત્રાસાવાદી સંગઠનના લોકો ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થઈ ગયા હતા. ઈરાકમાં હાલમાં અમેરિકાએ આ સંગઠન ।સામે જ તેના હવાઈ હુમલા જારી રાખ્યા છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે તેની તાકાતને ખતમ કરવાની બાબત જરૂરી છે. કારણ કે તે મોટી સમસ્યા ભવિષ્યમાં ઉભી કરી શકે છે.

## રાજ્યસભા અધ્યક્ષ અન્સારીએ વિનંતી સ્વીકારી

# સંસદથી ગેરહાજર રહેવાની તેંડુલકરને મંજુરી અપાઈ

નવીદિલ્હી,તા. ૧૧

રાજ્યસભાના ચેરમેન હમીદ અન્સારીએ જોરદાર વિરોધ છતાં મહાન ખેલાડી સચિન તેંદુલકરની ગેરહાજરીની વિનંતીને સ્વીકારી લીધી છે. સત્રના બાકીના દિવસોમાં પણ ગેરહાજર રહેવાની સચિન તેંડુલકરની વિનંતીને સ્વીકારી લેવામાં આવી છે. આ વર્ષેએક સેશનમાં પણ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે હાજરી આપી નથી.

નાયબ અધ્યક્ષ પીજે કુરિયને કહ્યું હતું કે, તેંડુલકરે ગૃહમાંથી ગેરહાજર રહેવા માટેની પરવાનગી માંગીને વિનંતી કરી હતી. અંગત વિનંતી કરવામાં આવી હતી. અંગત અને પ્રોફેશનલ કારણોસર તે એક પણ સત્રમાં હાજર રહી શક્યો નથી. જો કે, તેંડુલકર તરફથી કરવામાં આવેલી અરજી અંગે કુરિયને વિગતો વાંચી હતી. નાયબ અધ્યક્ષ પીજે કુરિયને તમામ માહિતી ઉપલબ્ધ કરાવી હતી. કુરિયને એમ પણ કહ્યું હતું કે, સચિન તેંડુલકરે અરજી વાંચી હતી પરંતુ કેટલાક સભ્યોએ



હોબાળો મચાવ્યો હતો. સચિન તેંડુલકરની ગેરહાજરીને લઈને હાલમાં હોબાળો મચેલો છે. કેટલાક સભ્યો જુદા જુદા કારણોસર ગેરહાજર રહી ચુક્યા છે. તેઓ શા માટે ગેરહાજર રહ્યા છે તે અંગે માહિતી મેળવવામાં આવી રહી છે. ચોક્કસ સભ્યો કેમ આવ્યા નથી તે અંગે પ્રશ્ન કરવાની બાબત સભ્ય માટે યોગ્ય નથી. ગૃહ દ્વારા સચિન તેંડુલકરને મંજુરી આપવામાં આવેલી છે. અન્સારીએ ગયા સપ્તાહમાં જ સચિન તેંડુલકરને ક્લિનચીટ આપી હતી. ભૂતપૂર્વ અભિનેત્રી રેખા પણ સંસદમાંથી નિયમિતપણે ગેરહાજર રહી છે. ઉપલા ગૃહમાં તેમની ગેરહાજરીને લઈને ભારે હોબાળો રહ્યો છે. અન્સારીએ કહ્યું હતું કે, બંધારણીય જોગવાઈનો કોઈ ભંગ કરવામાં આવ્યો નથી. કારણ કે તેઓ ગૃહથી ૬૦ દિવસથી વધુ સમયથી ગેરહાજર રહ્યા નથી. ક્રિકેટના મેદાન ઉપર ઉલ્લેખનીય સફળતા મેળવી હોવા છતાં રાજકારણમાં સચિન તેંડુલકરની વ્યાપક ટિકા થઈ રહી છે. કારણ કે તે રમત-ગમત સાથે સંબંધિત મુદ્દાઓને ઉઠાવવાના વચનને પાળી શક્યો નથી.

## સમાચાર ઝલક

- જૈન વિદ્યાર્થીઓને લઘુમતિના લાભો આપવા સરકારી આદેશ પ્રસિદ્ધ થયો.
- છડી મુબારકની સ્થાપના સાથે અમરનાથની યાત્રા ૪૪ દિવસે મુશ્કેલી વિના સંપન્ન. ૪ લાખ યાત્રાળુઓએ લાભ લીધો.
- ડુંગળી કોહવાઈને બગડતાં ૧૦ રૂપિયે કિલોએ વેચાણ શરૂ કર્યું.
- સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો પ્રયાસ. વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા વિવિધ યોજનાઓ બનાવી.
- કાળા નાણાંની માહિતી પૂરી પાડવા સ્વિસ બેંક કાયદામાં સુધારો કરાયો.
- રાજસ્થાનમાં પુરની સ્થિતિ ગંભીર બનતા લશ્કર બોલાવાયું.
- તહેવારમાં કાપડ બજારમાં સાદી ખરીદી થવાની આશાએ વેપારીઓએ પુરતો માલ ભરવા ઓર્ડર મુકયા.
- અસંગઠિત ક્ષેત્રના ૬૦ વર્ષથી વધુ વયના કામદારોને લઘુત્તમ ૫૦૦૦ પેન્શનનો ઠરાવ મંજુર.
- દ્વારકામાં વ્યુવર મશીનમાં શ્રીફળને ચેક કરાવ્યા બાદ ધરાવી શકાશે.
- મુશ્કેલીમાં ફસાયેલા હિન્દુઓ માટે વિશ્વ હિન્દુ પરિષદની હેલ્પ લાઈનને ૮૫ હજાર કોલ્સ મળ્યા ૫૦ શહેરોમાં સવલત.
- ભાવનગરના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી આહીર જુગાર રમતાં ઝડપાયાં.
- ૩૬ જેટલા નકામા કાયદાઓ ચાલુ સત્રમાં રદ કરવા સરકારનો પ્રયાસ.
- મોરબી મચ્છુ હોનારતને ૩૫ વર્ષ આજે પુર્ણ થયા.

# હવે ન્યાયતંત્રને બદનામ કરવાના પ્રયાસ જારી છે : ચીફ જસ્ટિસ લોધા

નવીદિલ્હી,તા. ૧૧

ભાજપના ચીફ જસ્ટિસ આરએમ લોધાએ જજોની નિમણૂંકની વ્યવસ્થાનો આજે જોરદાર બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, ન્યાય તંત્રને બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોધાએ કહ્યું હતું કે, સમગ્ર વ્યવસ્થા ખુબ જ અસરકારક છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ મંજુનાથની નિમણૂંકને લઈને ઉભા થયેલા વિવાદ અંગે તેમણે વાત કરી હતી. સુપ્રીમ કોર્ટમાં આ અંગે રજૂઆત કરવામાં આવી ચુકી છે. ભ્રષ્ટાચાર અંગેના અહેવાલ બિનજરૂરી અને આધારવગરના છે. તેમણે કહ્યું હતું કે, સમગ્ર વ્યવસ્થા હેઠળ કાયદા મુજબની પ્રક્રિયા ચાલી રહી છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ કહ્યું હતું કે, ન્યાય તંત્રને બદનામ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જો વ્યવસ્થા નિષ્ફળ જશે તો જજ પણ નિષ્ફળ રહેશે.

# ઓરિસ્સા પુરમાં ૩૫ લાખને અસર થઈ

પુરી,તા. ૧૧

ઓરિસ્સામાં ભારે વરસાદ અને પુરના કારણે મોતનો આંકડો વધીને હવે ૪૩ ઉપર પહોંચી ગયો છે. જ્યારે ૩૫ લાખ લોકોને માઠી અસર થઈ છે. ઓરિસ્સામાં કુલ ૨૩ જિલ્લામાં પુર અને ભારે વરસાદના કારણે અસર થઈ છે. ભારે વરસાદના કારણે બચાવ અને રાહત કામગીરી આડે હજુ પણ અડચણો આવી રહી છે. ઓરિસ્સમાં મોટી કટોકટી પ્રવર્તી રહી છે.



રાજ્યમાં ૫૩૦૦ ગામોને અસર થઈ છે જે પૈકી ૪૬૦ હજુ પાણી હેઠળ છે. પુર અને વરસાદના કારણે ૩૨૨૧૬૩ હેક્ટર કૃષિ જમીનને માઠી અસર થઈ છે. સરકારે કહ્યું છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાજ્ય અને નેશનલ ડિઝાસ્ટાર રિસ્પોન્સ ફોર્સની ૪૦-૪૦ ટીમો મોકલવામાં આવી છે. ૨૦૦થી વધુ જગ્યાએ મફત રસોડા ચાલી રહ્યા છે. ૧૦૦ મેડિકલ ટીમ પણ સક્રિય કરવામાં આવી છે. રાજ્યની મોટા ભાગની નદીઓમાં પાણીની સપાટી હવે ભયજનક સ્તરતી નીચે આવી જતા સ્થિતીમાં સુધારો થયો છે. જો કે હજારો લોકો હજુ પણ રાહત કેમ્પમાં રહે છે. કારણ કે તેમના મકાનો પાણીમાં ડુબી ગયા છે અથવા તો તેમના મકાનો પુરના કારણે નાશ પામ્યા છે.રાજ્યના ૩૦ જિલ્લાઓ પૈકી ૨૩ જિલ્લામાં પુરની સ્થિતી ઉભી થઈ છે. ૭૩૦૦૦ લોકોને મફત ભોજનની સુવિધા આપવામાં આવી રહી છે. વરસાદ અને પુરન કારણે ૨૩૬૨૬ મકાનો નાશ પામ્યા છે. કટક, જાજપુર, કેન્દ્રપાડા, ભાદરક અને પુરી જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોનુ હવાઈ નિરીક્ષણ કરી ચુકેલા મુખ્યપ્રધાન નવીન પટનાઈકે કહ્યું છે કે સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે.ટુંક સમયમાં જનજીવન સામાન્ય બનશે તેવી આશા પટનાઈકે વ્યક્ત કરી છે. સ્થિતીમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. મહાનંદી નદીના ડેલ્ટા પ્રદેશમાં પૂરનું પાણી ફરી વળ્યું હતુ. હાલમાં મહાનંદી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ હતી. જેથી હાલત કફોડી બની હતી. આની સાથે મોતનો આંકડો વધીને ૪૩ પર પહોંચી ગયો છે. તણાઈ જવાના કારણે અને દિવાલ ધસી પડવાના કારણે મોટાભાગના લોકોના મોત થયા છે. મહાનંદીમાં પુરના ખતરાને ધ્યાનામાં લઈને સાવધાનીના તમામ પગલાઓ લેવામાં આવ્યા હતા. હજારો ગામોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.પુરની સ્થિતીમાં સુધારો થયો હોવા છતાં હવે રોગચાળો ફાટી નિકળવાની દહેશત ઉભી થઈ ગઈ છે.

# કાશ્મીરના માઈગ્રન્ટ લોકો માટે નવું પેકેજ ટૂંકમાં તૈયાર

નવીદિલ્હી,તા. ૧૧

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, ભૂતકાળના અનુભવને ધ્યાનમાં રાખીને કાશ્મીરી માઈગ્રન્ટ લોકોની પુનઃ વાપસી અને તેમની સુરક્ષા માટે નવા પેકેજ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. વિસ્થાપિત થયેલા લોકોના પ્રતિનિધિઓ અને રાજ્ય સરકાર સાથે વાતચીત કરીને કાશ્મીરી માઈગ્રન્ટ લોકોના પુનઃ વસવાટના પ્રયાસો થઈ રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા કાશ્મીરી માઈગ્રન્ટ લોકોની વાપસી અને તેમના પુનઃ વસવાટ માટે આ વર્ષમાં બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકારની મદદ પણ લેવામાં આવી રહી છે. દરખાસ્ત તરફ ધ્યાન આપવા સિંહે કહ્યું હતું કે, કાશ્મીરી માઈગ્રન્ટ લોકોની સુરક્ષિત વાપસી ન થાય ત્યાં સુધી સરકાર આરામ કરશે નહીં.

આ કમિટિને મંજુરી આપવા એક ઠરાવ પણ લાવવામાં આવશે. જ્યારે પણ અમે કોઈ વચન આપીએ છીએ ત્યારે તેને પૂર્ણ કરવા મહેનત કરીએ છીએ. ગૃહપ્રધાને કહ્યું હતું કે, હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી અથવા તો પારસી લોકો તેમની પોતાની જમીનમાં શરણાર્થી હોઈ શકે નહીં. કાશ્મીરી માઈગ્રન્ટ લોકોની વાપસી અને તેમના પુનઃ વસવાટની વાત કરતા તેમણે કહ્યું હતું કે, ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી ચુકી છે. જમ્મુ કાશ્મીર સરકાર પાસેથી પણ મદદ મળનાર છે. કાશ્મીરી માઈગ્રન્ટ લોકોના પરિવાર પણ ખુબ જ ઉત્સુક દેખાઈ રહ્યા છે. અમારી સરકાર ખુબ જ ઉત્સુક દેખાઈ રહી છે. જો કે, ભૂતકાળના અનુભવ અંગે પોતાની પ્રતિક્રિયા અંગે રાજનાથસિંહે વધુ વાત કરી ન હતી. હાલમાં દેશમાં કાશ્મીરી માઈગ્રન્ટના ૬૦૪૫૨ પરિવાર છે જે પૈકી ૩૮૧૧૯ જમ્મુમાં, ૧૯૩૩૮ દિલ્હીમાં અને ૧૯૯૫ અન્ય રાજ્યોમાં છે. રાજનાથસિંહના નિવેદનથી લાગે છે કે, કાશ્મીરી માઈગ્રન્ટ લોકોને વહેલીતકે પુનઃ સ્થાપિત કરવાના પ્રયાસો ખુબ જ જઝડપથી હાથ ધરવામાં આવનાર છે.